Saturday
28.09.2024
✱Volume :9 ✱ Issue No.72
✱Email:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત — વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

✱Managing Editor: Arjun Sondarva

✱ Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱ Page :04 ✱ Rs. 00.25/- ✱ Annual Rs. 90/-

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે રૂ.૬૩૩ કરોડના ખર્ચે નિર્મિત જુથ પાણી પુરવઠા યોજનાઓનું લોકાર્પણ

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે આખોલ ખાતે યોજનાની ઝીણવટભરી માહિતી મેળવી પ્લાન્ટનું સ્થળ નિરીક્ષણ કર્યું

૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકો માટે દૈનિક ૬.૪૦ કરોડ લીટર પીવાનું પાણી મળી રહેશે

કમલમન્યુઝ, પાલનપુર

સરહદીજિલ્લા બનાસકાંઠા માં પીવાના પાણીની સમસ્યાના કાયમી નિરાકરણ માટે સરકારશ્રી દ્વારા અનેક પગલા લેવામાં આવ્યા છે. જે અંતર્ગત કુલ રૂપિયા ૬૩૩ કરોડના ખર્ચે તૈયાર થયેલ ડીસા અને લાખણી તાલુકાના પાણી પુરવઠાની સુધારણા યોજનાના વિકાસ કાર્યોનું આજરોજ ડીસા ના આખોલ ખાતે મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ ના હસ્તે લોકાર્પણ કરાયુ હતું. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે સમગ્ર યોજનાની ઝીણવટભરી માહિતી મેળવી પ્લાન્ટનું નિરીક્ષણ કર્યું હતું. બનાસકાંઠા જિલ્લાના ડીસા, લાખણી, કાંકરેજ અને દિયોદર તાલુકાના ગામડાઓ અને થરા શહેરને પીવાનું શુધ્ધ પાણી મળી રહે તે માટે ગુજરાતસરકાર દ્વારા દ્વારા દેવપુરા-વાવઓફટેકઅને રાણકપુર ઓફટેક સુધારણા યોજના વર્ષ ૨૦૨૦માં તૈયાર કરવામાં આવી હતી.

જે યોજનાનીકામગીરીપૂર્ણ થતાં ડીસાના આખોલ ખાતે મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ યોજનાથીડીસા, લાખણી, કાંકરેજ,દિયોદર અને થરાના કુલ ૧૯૨ ગામના કુલ ૭ લાખ નાગરિકોમાટે દૈનિક ૬.૪૦ કરોડ લીટરપીવાનું પાણીમળી રહેશે.આ લોકાર્પણ પ્રસંગે પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજી બાવળિયા, સાંસદશ્રી ભરતસિંહ ડાભી, રાજ્યસભાના સાંસદશ્રી બાબુભાઈ દેસાઈ, ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી સહિતના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વલસાડ જિલ્લા ભાજપ દ્વારા મોઘાભાઈ હોલ થી વલસાડ કલ્યાણ બાગ સુધી મૌન રેલી નું કરાયું આયોજન

કોંગ્રેસ ના નેતા રાહુલ ગાંધી દ્વારા તેમના વિદેશ પ્રવાસ દરમ્યાન દેશના એસ.સી.એસ.ટી.ઓ.બી.સી. સમાજ ને મળતા અનામત અંગે આપેલ ગેરવ્યાજબી નિવેદન મુદ્દે વલસાડ જિલ્લા ભાજપ દ્વારા પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા ના અધ્યક્ષસ્થાને ધરણા કાર્યક્રમ અને મૌન રેલીનું કરાયું આયોજન

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય જળશકિત વિભાગના કેબીનેટ મંત્રી,ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના યશસ્વી અધ્યક્ષ આદરણીય ની સી.આર.પાટીલજી,પ્રદેશ સંગઠન ના મહામંત્રી આદરણીય શ્રી રત્નાકરજી ની સૂચના અને માર્ગદર્શન મુજબ, કોંગ્રેસ ના નેતા રાહુલ ગાંધી,દ્વારા વિદેશની ધરતી પર દેશના એસ.સી., એસ.ટી, ઓ.બી.સી.. સમાજને મળતા અનામત મુદ્દે આપેલ ગેરવ્યાજબી નિવેદન સંધર્ભ માંવલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના અધ્યક્ષ શ્રી હેમંતભાઈ કંસારા ની આગેવાનીમાં અનેગુજરાત સરકાર ના નાણાં, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી આદરણીય શ્રી કનુભાઈ દેસાઈ, ગુજરાત સરકાર ના ગુજરાત સરકાર નાપૂર્વ કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય શ્રી પૂરણેશભાઈ મોદી,પ્રદેશ સફાઈ કામદાર સેલના સંયોજક શ્રી સુરેશભાઈ મકવાણા રહ્યા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા વિરોધપ્રદર્શન કાર્યક્રમ માં વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ માનનીય શ્રી હેમંતભાઈ કંસારાએ દેશમાં કોંગ્રેસ ની અનામત વિરોધી વિચાર ધારાને સખત શબ્દો ને વખોડી કાઢી, દેશના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રીનરેન્દ્રભાઈ મોદીજી ના સફળ નેતૃત્વ માં કાર્યરત કેન્દ્ર સરકારની અનામત નીતિઓ ની વાત કરીહતી ગુજરાતપ્રદેશસફાઈ કામદાર સેલ સંયોજક શ્રી સુરેશભાઈ મકવાણાએ કોંગ્રેસ ની વિચારધારાને દેશ વિરોધી ગણાવી તેમનું ઉધબોધન કર્યું હતું ગુજરાત સરકારના નાણાં,ઉર્જા,પેટ્રોકેમિકલ્સ વિભાગના કેબીનેટ મંત્રી આદરણીય શ્રી કનુભાઈદેસાઈ એ કોંગ્રેસ ની અનામત વિરોધી વિચારધારા ને સખત શબ્દો માં વખોડી કાઢી ઉપસ્થિત લોકો ને પ્રાસંગીક ઉધબોધન આપ્યું હતું અને કોંગ્રેસવિચારધારા નો વિરોધ કર્યો હતો કાર્યક્રમ ના મુખ્ય વક્તા ગુજરાત સરકાર ના પૂર્વ કેબીનેટ મંત્રી અને ધારાસભ્ય શ્રી પુરણેભાઈ મોદી એ કોંગ્રેસ હંમેશા બંધારણ વિરોધી રહી હોવાનું, બંધારણ માં તોડમરોડકરી બંધારણ નો દુરુઉપયોગ કર્યાહોવાનું તેમના વક્તવ્ય માં જણાવાયું હતું ધરણા કાર્યક્રમ બાદ જિલ્લા પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા ની આગેવાનીમાં,નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ,પૂર્વકેબીનેટ મંત્રી અને ધારાસભ્ય શ્રી પુરણેશભાઈ મોદી ની વિષેશ ઉપસ્તીથીમાં મોઘાભાઈ હોલ ખાતે થી કલ્યાણ બાગ સુધી મૌન રેલી આયોજન કરવામાં આવ્યું હતું અને બાબા સાહેબ આંબેકડરજી ની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવ્યું હતું આતબક્કે વલસાડજિલ્લા ના મહામંત્રીશ્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ,શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી,શ્રી શીલ્પેશભાઈ દેસાઈ, વલસાડ ના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, કપરાડા ના ધારાસભ્ય શ્રી જીતુભાઈ ચૌધરી,ધરમપુર ના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ,પૂર્વ વલસાડ-ડાંગ ના પૂર્વ સાંસદ શ્રી ડો.કે.સી.પટેલ, પ્રદેશ એસ.સી. મોરચાના ઉપાધ્યક્ષ શ્રી વસંતભાઈપરમાર,વલસાડ જિલ્લા એસ.સી.મોરચાના પ્રભારી શ્રી ચંપકભાઈપરમાર,પ્રદેશઓ.બી.સી. મોરચાના મંત્રી શ્રી હેમંતભાઈ ટેલર,જિલ્લા,શહેર સંગઠન, વિવિધ મોરચાના હોદેદારો,કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

મહેસાણા ખાતે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

આવાસની વિવિધ યોજનાઓનો લાભ લઈ અનેક લાભાર્થીઓનું ઘરના ઘરનું સ્વપ્ન સરકારે પરિપૂર્ણ કર્યું -ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત

ઉપસ્થિતોને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી 'એક પેડ મા કે નામ' અભિયાનમાં સહભાગી થવાનો અનુરોધ કરતા મંત્રીશ્રી

ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના ૨૦૮૮ લાભાર્થીઓને સહાયચેક, સાધનકીટ સહિતના રૂપિયા ૮૧૬.૩૧ લાખના લાભોનું વિતરણ કરાયું

કમલમ્ન્યુઝ, મહેસાણા

સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળાનુંઆયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત નુગર ૮૪ કડવા પાટીદાર સમાજ સંકુલ, મહેસાણા ખાતે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહરાજપૂતના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. આ પ્રસંગે ઉદ્યોગ મંત્રીશ્રી બલવંતસિંહ રાજપુતેજણાવ્યું હતુંકે સરકારની વિવિધયોજનાઓના લાભાર્થીઓને લાભો હાથો હાથ પહોંચાડવા માટે વડાપ્રધાનશ્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૯ થી ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરાવી હતી. અત્યાર સુધીમાં ૧૩ તબક્કામાં ૧૬૦૦ થી વધુ ગરીબ કલ્યાણ મેળા યોજી ૧૬ હજાર કરોડથી વધુના લાભો લાભાર્થીઓને આપવામાં આવ્યા છે. આજે ૧૪ મા ગરીબ કલ્યાણ મેળાનું સમગ્ર રાજ્યમાંઆયોજન કરવામાં આવ્યું છે. જેમાં મહેસાણા જિલ્લાના ૨૦૦૦ થી વધુ લાભાર્થીઓને રૂપિયા ૮૧૬ લાખથી વધુના લાભો આપવામાં આવશે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારાવિવિધ યોજનાઓના લાભાર્થીઓને યોજનાઓની માહિતી અને લાભો મળી રહે તે માટે આવા ગરીબ કલ્યાણ મેળા જેવાકાર્યક્રમો યોજવામાંઆવે છે. આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને વિવિધ યોજનાકિય માહિતી મળી રહે તે માટે વિવિધ સ્ટોલો પણ ઊભા કરવામાં આવે છે. વિવિધ યોજનાઓ અંગેની જાણકારી આપતા ઉદ્યોગ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,મહિલાઓને ચૂલા ફૂકવાઅને ધુમાડામાંથીમુક્તિ મળે તે માટે ઉજ્જ્વલા યોજના અમલી બનાવી છે. જેનો અનેક લાભાર્થીઓને લાભ મળીરહ્યો છે. આ ઉપરાંત લોકોના ઘરના ઘરનું સ્વપ્રસાકાર થાય તે માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા આવાસની વિવિધ યોજનાઓઅમલી બનાવી છે. જેનો લાભ લઈ અનેક લાભાર્થીઓનું ઘરના ઘરનું સ્વપ્ન સરકારે પરિપૂર્ણ કર્યું છે. આ તકે મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના હરિતક્રાંતિના સંકલ્પને સાર્થક કરવા માટે 'એક પેડ મા કે નામ' અભિયાનહાથ ધરવામાંઆવ્યું છે તેમ જણાવી આ અભિયાનમાં ઉપસ્થિતોને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી પર્યાવરણ બચાવો અભિયાનમાં સહભાગી થવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે રાજ્ય સભાના સાંસદશ્રી મયંકભાઈ નાયકે જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રીના કાર્યકાળ દરમિયાન ગરીબ કલ્યાણ મેળા જેવા અનેક કાર્યક્રમો યોજનાઓ અમલી બનાવવામાંઆવી હતી. જેનો લાભ અનેક લાભાર્થીઓને મળીરહ્યો છે. આ કાર્યકાળ દરમિયાન જ્યોતિગ્રામ યોજના, કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવજેવા અનેક કાર્યક્રમોની શરૂઆત કરીને છેવાડાના માનવીસુધી યોજનાકીય લાભો પહોંચાડવામાં આવી રહ્યા છે. આપ્રસંગે સાંસદ શ્રી હરિભાઈ પટેલેજણાવ્યુંહતુંકે કેન્દ્રઅને રાજ્ય સરકાર દ્વારાઅનેકવિધ કલ્યાણકારી યોજનાઓ અમલી બનાવવામાં આવીછે. આ યોજનાઓના લાભો આજેછેવાડાના માનવીસુધીગરીબ કલ્યાણ મેળા જેવા કાર્યક્રમો થકી પહોંચી રહ્યા છે. વધુમાં તેમણે આયુષ્માન ભારતપ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના જેવી અનેકવિધ યોજનાઓના લાભો લેવા ઉપસ્થિતોને અનુરોધ કર્યો હતો. આ કાર્યક્રમમાં મંત્રીશ્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિવિધયોજનાઓના લાભાર્થીઓને સહાય ચેક અને સાધન કીટના લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લાના ૨૦૮૮ લાભાર્થીઓને સહાયચેક, સાધનકીટ સહિતના રૂપિયા ૮૧૬.૩૧ લાખના લાભોનું વિતરણ કરાયું હતું. આ તકે મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં બનાસકાંઠાના જિલ્લાના ડીસા ખાતે યોજાયેલા રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાનું જીવંત પ્રસારણ ઉપસ્થિત સૌએનિહાળ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટરશ્રીએમ નાગરાજને સ્વાગત પ્રવચન કરી સરકારશ્રીની વિવિધ યોજનાઓ વિશે જાણકારી આપી હતી અને ઈન્ચાર્જ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બીરેન પટેલે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતપ્રમુખશ્રી તૃષાબેન પટેલ, ધારાસભ્ય સર્વે શ્રી સી. જે. ચાવડા, શ્રી સુખાજી ઠાકોર, શ્રી સરદારભાઈ ચૌધરી, શ્રી કિરીટભાઈ પટેલ, અગ્રણીશ્રી કેશુભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન તેમજ નિવાસીઅધિક કલેકટરશ્રી એસ. સી. સાવલિયાસહિત વિવિધ વિભાગનાઅધિકારીકર્મચારીશ્રીઓ સહિત મોટીસંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી......

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના દરેક જરૂરતમંદ પરિવારને પોતિકું આવાસ-છત્ર આપવા શરૂ કરેલી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં લાભાર્થી લક્ષ્યાંક સિદ્ધિના પરફોર્મન્સમાં ૨૦૧૬થી ગુજરાતની અગ્રેસરતાને કેન્દ્ર સરકારે મંજૂરીની મહોર મારી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણમાં ૨૦૨૪-૨૫ના વર્ષ માટે ગુજરાતને આપવામાંઆવેલા ૫૪હજાર આવાસના લક્ષ્યાંકસામે આ યોજનાનાઅમલીકરણમાં ગુજરાતની શ્રેષ્ઠતા અને લાભાર્થીઓની વધુ સંખ્યાનેધ્યાને લઈનેકેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસમંત્રાલયે વધારાના ૨.૪૪લાખ આવાસોનોલક્ષ્યાંક પી.એમ.એ.વાય.-ગ્રામીણમાટે ફાળવ્યો છે. આ લક્ષ્યાંક સાથે હવે ૨૦૨૪-૨૫ના વર્ષમાં રાજ્યમાં ૨ લાખ ૯૯ હજાર પ્રધાનમંત્રી આવાસો ગ્રામીણ ક્ષેત્રોમાં નિર્માણ થશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્યના ગ્રામ વિકાસ વિભાગ દ્વારા આ ૨.૯૯ લાખ આવાસો પૂર્ણ થતાં ગુજરાતમાં પી.એમ.એ.વાય.-ગ્રામીણના પ્રતીક્ષા-યાદીનાપાત્રતા ધરાવતાબધા જ લાભાર્થીઓને આવરીલેવાની કામગીરી પૂર્ણ થઈ શકશે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્યનો ગ્રામ વિકાસ વિભાગ ૨.૯૯ લાખપી.એમ.એ.વાય.-ગ્રામીણના નિર્માણ દ્વારા ૧૦૦ટકા સેચ્યુરેશન એપ્રોચ સાકાર કરવાની દિશામાં સજ્જ બન્યો છે.

માંડવી નગર ભાજપ દ્વારા સેવા પખવાડા અંતર્ગત પંડિત દિનદળ ઉપાધ્યાય જીની જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાય

કમલમ્ ન્યુઝ,

માંડવી નગર ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવા પખવાડા અંતર્ગત, પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મ જયંતિ નિમિત્તે, ભારતીય જનતા પાર્ટી, માંડવીનગર દ્વારા,ભારતીય જનતા પાર્ટી, ગુજરાતના સેવા પખવાડા સહ-સંયોજક અને સુરત જીલ્લા ભાજપા સદસ્યતા અભિયાનના સંયોજક શ્રીજગદીશભાઈ પરેખ, સુરત જીલ્લા ભાજપાના મંત્રી શ્રી ડૉ. આશિષ ઉપાધ્યાય, માંડવી નગરના મહામંત્રી શ્રી સ્નેહલભાઈ મોઢેરા,માંડવી નગર સેવા પખવાડા ના સહસંયોજક ઈશ્વરભાઈ સોલંકી સંગઠનાત્મક હોદ્દેદારશ્રીઓ, ચંદ્રકાંત ભગતવાલા, ડેનીભાઈ પટેલ, પ્રદીપભાઈ હજારીવાલા, કનકસિંહ ગોહિલ, મહેશભાઈ ગામીત, રેખાબેન વશીઅને ચુંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ રંજનાબેન મરાઠે, અલ્કાબેન લોઢાની ઉપસ્થિતિમાં, પંડિત દીનદયાળજીને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી અને ત્યારબાદ આજના મહાસદસ્યતા અભિયાનને વેગ આપવા માટે, માંડવી નગરના તમામ પ્રવાસી કાર્યકર્તાઓ, ભાજપા સદસ્ય નોંધણી અંગેની બુથ સ્તરની કામગીરીમાં જોડાયા.

માર્કસના આંકડાઓથી મહાન નથી બનાતું, વિચારોની તાકાત અને આત્માની શકિતનું પરિણામ છે મહાનતા : રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

અમદાવાદ અને ગાંધીનગરની ૨૯ સ્કૂલ્સને રાજયપાલના વરદ હસ્તે 'સુપર સ્કૂલ' એવોર્ડ એનાયત

વિદ્યાર્થીઓને માત્ર જાણકારી કે માહિતી નહીં, વિદ્યા આપવાની જરૂર છે.

કમલમ્ ન્યુઝ,

માર્કસના આંકડાઓથી મહાન નથી બનાતું, વિચારોની તાકાત અને આત્માની શક્તિનું પરિણામ છે મહાનતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમદાવાદ અને ગાંધીનગરની ૨૯ સ્કૂલ્સને 'સુપર સ્કૂલ' એવોર્ડ એનાયત કરતાં કહ્યું હતું કે, શિક્ષણ સંસ્થાઓએ વિદ્યાર્થીઓને માત્ર જાણકારી કે માહિતી નહીં, વિદ્યા આપવાની જરૂર છે. ઉપવર્ષો સુધી ગુરુકુલના પ્રધાનાચાર્ય તરીકે બાળકોના શ્રેષ્ઠ શિક્ષણ, ઉચ્ચ સંસ્કાર અને ઉમદા સ્વાસ્થ્ય માટે પ્રયત્નશીલ રહેલા શ્રી આચાર્ય દેવવ્રતજીએ સંદેશ મીડિયા ગ્રુપ દ્વારા આયોજિતસમારોહમાં સુપર સ્કૂલના સંચાલકોને સંબોધતાં કહ્યું હતું કે, શિક્ષકો-ગુરુજનોના સમર્પણ, મહેનત અને તપસ્યા ક્યારેય વ્યર્થ નથી જતા. માતા પોતાના સંતાનોને ગુરુજનોના ભરોસે સોંપે છે ત્યારે ગુરુજનોએ પણ એક મા પોતાના ગર્ભનું જે રીતે જતન કરે છે, એટલીજ કાળજીથી વિદ્યાર્થીની સંભાળ રાખવાની હોય છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, નદીઓ, સડકો, ભવનોથી રાષ્ટ્ર ભવ્ય નથી બનતું. વીર પૂંગવોના શોર્યથી, વીર માતાઓના સતીત્વથી અને મેધાવી,ચરિત્રવાન, સાંસ્કૃતિક મૂલ્યોથી સભર સંતાનોથી ભવ્ય રાષ્ટ્રનું નિર્માણ થાય છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી 'વિકસિત ભારત'ના સંકલ્પ સાથે દેશનું ગૌરવ અને ગરિમા વધારવા સતત પ્રયત્નશીલ છે ત્યારે, બાળકોને શ્રેષ્ઠ વિદ્યા આપીને શ્રેષ્ઠ માનવનું નિર્માણ કરીએ. 'વિકસિતભારત' મિશનમાં આ આપણું સૌથી મોટું યોગદાન હશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ શિક્ષકોને નમ્રતાપૂર્વક કહ્યું હતું કે, શિક્ષકોએ પોતાની જવાબદારી સમજવી જોઈએ. શિક્ષકોની જવાબદારી મૂલ્યવાન અને સંસ્કારી નાગરિકોનું નિર્માણ કરવાની છે. રાજયપાલશ્રીએ તેમના ગુરુકુલ કુરુક્ષેત્રના અનુભવોથી શૈક્ષણિક સંસ્થાઓને માર્ગદર્શન આપ્યું હતું. અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતેયોજાયેલા આ સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોફીટેબલ બૂક - 'એજ્યુપ્રુડેન્સ-૩ : સુપર સ્કૂલ્સ' નું વિમોચન કર્યું હતું. વરિષ્ઠ લેખક અને પત્રકાર પદ્મશ્રી દેવેન્દ્ર પટેલે રાજ્યપાલ શ્રીઆચાર્ય દેવવ્રતજીનો આભાર વ્યક્ત કરતાં કહ્યું છે, સાચા

સંદેશ મીડિયા ગ્રુપ દ્વારા આયોજિત સમારોહમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કોફીટેબલ બૂક - 'એજ્યુપ્રુડેન્સ-૩ : સુપર સ્કૂલ્સ' નું વિમોચન કર્યું

ગુરુ દેશના નિર્માણમાં અગત્યની ભૂમિકા ભજવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, 'એજ્યુપ્રુડેન્સ-૩:સુપર સ્કૂલ્સ'બૂકમાં અમદાવાદ-ગાંધીનગરની ૧૧૧ શાળાઓના ઈતિહાસ, મૂલ્યો, ઈન્ફ્રાસ્ટ્રકચર, સુવિધાઓ અને વ્યવસ્થાપન વિશેની માહિતી ઉપલબ્ધકરાવવામાં આવી છે. આ કાર્યક્રમમાં સંદેશ મીડિયા ગ્રૂપના માર્કેટિંગ હેડ શ્રી રાહુલ શાહ, મીડિયા જગતના મહાનુભાવો તેમજ વિવિધ સ્કૂલના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, પ્રતિનિધિઓ અને સંદેશ મીડીયા ગૃપના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

હિંમતનગરની જી.એમ.ઇ.આર.એસ. ખાતે ધારાસભ્યશ્રી વી ડી ઝાલાની ઉપસ્થિતિમાં પોષણ માહની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,ઈકબાલમેમણ

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગરની જી.એમ.ઇ.આર. એસ. ખાતે ધારાસભ્યશ્રી વી ડી ઝાલાની ઉપસ્થિતિમાં પોષણ માહની ઉજવણી અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી વી ડી ઝાલાએ જણાવ્યું હતું કે પોષણ અભિયાન અંતર્ગત એનીમિયા મુક્ત ભારતના પ્રયાસમાં સર્વેની સહભાગીતા જરૂરી છે. જિલ્લાના સર્વે બાળકોની તંદુરસ્તીઅને યોગ્ય વિકાસની જવાબદારી આપણા સહુની સહિયારી છે. બાળકના સર્વાંગી વિકાસમાં પોષણની અગત્યની ભૂમિકા છે. સમતોલ આહાર અંગેની જાણકારી અને સફળ અમલીકરણથી માતા બાળકને સારું પોષણ મળે છે. નવજાતશિશુઓને કુપોષણ સંબંધી સેવાઓ માટે જિલ્લા કક્ષાએ એનઆરસી અને તાલુકા કક્ષાએ સીએમટીસી કાર્યરત છે. તેમજ દરેકગ્રામ્ય કક્ષાએઆંગણવાડીઓમાં બાળકોનેબાલશક્તિ, કિશોરીઓની પુર્ણાશક્તિ અને માતાઓને માતૃશક્તિના ટીએચ આરના પેકેટ આપવામાં આવે છે. જેના ઉપયોગથી સ્વસ્થ સાબરકાંઠાના નિર્માણમાં સારી સફળતા મળી રહીછે. કાર્યક્રમમાં એન.આર.સી. સેન્ટરના ન્યુટ્રીશન આસિસ્ટન્ટ અને તેમની ટીમ દ્વારા પોષણયુક્ત વાનગીઓનું પ્રદર્શન યોજવામાં આવ્યુ હતુ.જેમાં આદિવાસી વિસ્તારમાંલુપ્ત થતીવનસ્પતિ માંથી બનતી વિવિધ વાનગીનું પ્રદર્શન કરવામાંઆવ્યું હતું. એન.આર.સી. ના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવવ્યક્ત કરી એન.આર.સી સેન્ટરની પોષણ સારવાર અને ફોલોપની સેવાઓ માટે આભાર વ્યક્ત કર્યો હતો. મહાનુભાવોના હસ્તે પૈષ્ટિક કીટ વિતરણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીશ્રી, જી.એમ.ઇ.આર. એસ.ના મેડીકલ સુપ્રીન્ટેન્ડેન્ટશ્રી,સી.ડી.એમ.ઓ.શ્રી, પ્રોગ્રામ ઓફીસરશ્રી આઈ.સી.ડી.એસ., એન.આર.સી. ના એચ.ઓ.ડી.શ્રી , રાજ્ય કક્ષાએથી રીજીયોનલ પ્રોગ્રામ એસોસીએટ વગેરે કાર્યક્રમ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત રેન્જઆઈજી પી નાઓનું તાપી જિલ્લાની વાર્ષિક તપાસણી કાર્યક્રમ

કમલમ્ ન્યુઝ, રાકેશ વાળા,

તા,૨૬/૦૯/૨૦૨૪ વ્યારા ખાતે સુરત રેન્જ આઈજીપી શ્રી પ્રેમવીરસિંહ સાહેબ તથા આઈપીએસશ્રી રાહુલ પટેલ સાહેબદ્વારા તાપી જિલ્લાનો વાર્ષિક તપાસણી કાર્યક્રમ યોજાયો. વાર્ષિક તપાસણી કાર્યક્રમ દ્વારાપોલીસ સ્ટેશન વિઝીટ, પરેશ ગ્રાઉન્ડ ખાતે પરેડ, તથાઅલગ અલગ ઈવેન્ટ્સ, લોક દરબારનો કાર્યક્રમયોજવામાં આવ્યો, ક્રાઈમ કોન્ફરન્સ, તેમજ વૃક્ષારોપણ કરવામાં આવેલ.તાપીજિલ્લામાંલોક દરબાર ના કાર્યક્રમ દરમિયાન લોકો દ્વારા આઈજી સાહેબને વિવિધ પ્રકારના પ્રશ્ન કરવામાં આવેલ ,જેમકે ટ્રાફિક સમસ્યા, નોઇઝપોલ્યુશન, ધાર્મિક કાર્યક્રમ દરમિયાન શાંતિ વ્યવસ્થા , લોક દરબાર કાર્યક્રમમાં આઈજી સાહેબ દ્વારા દરેક પ્રશ્નોનો યોગ્ય જવાબ આપવામાં આવેલ.

IIT ગાંધીનગર દ્વારા 'સ્વચ્છતા હી સેવા' અભિયાનની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

IIT ગાંધીનગર દ્વારા ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ જીબાબેન પટેલ મેમોરિયલ ઓડિટોરિયમ, IIT ગાંધીનગર ખાતે 'સફાઈમિત્રસુરક્ષા શિબિર 'નું આયોજન કરવામાં આવ્યું હતું. અમદાવાદનાગાયનેકોલૉજિસ્ટ ડૉ. કિંજલ શાહ IIT ગાંધીનગર કેમ્પસમાં કાર્યરતસફાઈ કામદારો અને અન્ય હાઉસકીપિંગ સ્ટાફના સભ્યોને સંબોધિત કર્યા હતા, જેમાં તેમની શારીરિક તંદુરસ્તી માટે જરૂરી કેટલાક મુખ્ય પગલાંની પૂર્વભૂમિકાહતી. આ કાર્યક્રમ જલ શક્તિ મંત્રાલયના 'સ્વચ્છતા હી સેવા' અભિયાનના ભાગ રૂપે ઉજવવામાં આવ્યો હતો, જેનો ઉદ્દેશ્ય સ્વયંસેવક્તાઅને સામૂહિક કાર્યવાહીની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો હતો. વિવિધ શારીરિક અનેજૈવત્નબીબી જોખમોપર ભાર મૂકતા કામદારો વારંવાર સંપર્કમાં આવી શકે છે, ડૉ. શાહે તેમની સલામતી વધારવામાટે વ્યક્તિગત સ્તરે અપનાવી શકાય તેવા વિવિધ પગલાં પર પ્રકાશ પાડ્યો. "સાબુ અને પાણીથીનિયમિતપણે તમારા હાથ ધોવાજેટલું સરળકંઈક તમને અને તમારા પરિવારને ઘણા રોગોથી બચી શકે છે" ડૉ શાહે કહ્યું. તેમના પ્રવચનનો એક મહત્વપૂર્ણ ભાગમાસિક સ્ત્રાવની સ્વચ્છતાઅને મહિલાઓની શારીરિક, ભાવનાત્મક અને સામાજિક સુખાકારીમાં તેની અસરો પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેણીએ પુરૂષ કામદારોને વિનંતી કરી કે તેઓ તેમની પત્નીઓ, માતાઓ, પુત્રીઓ અને બહેનોપર વિશેષધ્યાન આપે, ખાસ કરીને મહિનાના આ સમયમાં. આ વર્ષે 'સ્વચ્છ ભારત મિશન'ની શરૂઆતની ૧૦મી વર્ષગાંઠ પણ છે. જ્યારે 'સ્વચ્છ ભારત દિવસ' (SBD) ૨ ઓક્ટોબર, ૨૦૨૪ ના રોજ ઉજવવામાં આવશે, ત્યારે દેશભરની શૈક્ષણિક સંસ્થાઓ પહેલેથી જ વિવિધ કાર્યક્રમો અને સ્વચ્છતાપહેલ દ્વારા તેની ઉજવણી કરી રહી છે. દાખલા તરીકે 'સફાઈમિત્ર સુરક્ષા શિબિર' ઉપરાંત, IITGN એ ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ એક પ્લોગિંગ ડ્રાઈવનું આયોજન કર્યું હતું, જ્યાં વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફના સભ્યો સમગ્ર કેમ્પસમાં કચરો એકઠો કરવામાટે ભેગાથયા હતા. વધુમાં, આગામી થોડા દિવસોમાં એક આરોગ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પાલજ અને બાસન ગામોના રહેવાસીઓ માટે વિશિષ્ટ ડોકટરો દ્વારા મહત્વપૂર્ણ તપાસકરવામાં આવશે.

ભારત સરકારશ્રી દ્વારા ૨ ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની શ્રદ્ધાંજલિ આપવા સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેના જન આંદોલનની ઉજવણી

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારશ્રી દ્વારા ૨ ઓક્ટોબરનાં રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતીની શ્રદ્ધાંજલિ આપવાસમગ્રભારતમાં સ્વચ્છતામાટેનાજન આંદોલનની ઉજવણીને આહવાન કરવામાં આવેલ છે. આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં ૧૦ વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આ દિવસને "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે આજથી તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪ થી તા. ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૪" પખવાડિયાની કામગીરી શરુ કરવામાં આવી જેમાં રાજ્યની ૮ મહાનગરપાલિકા અને ૧૫૭ નગરપાલિકાઓમાંસ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી. થીમ આધારિત ધાર્મિક અને પ્રવાસન સ્થળોની સાફ સફાઈમાં કુલ ૪૩૩૬૫થી વધુ નાગરીકો સફાઈ ઝુંબેશમાં જોડાઈ ૨૧૮૧૮૪૬૮ કલાકનું શ્રમદાન હાથ ધર્યું જેમાં ૩૬૫ટન કચરોએકત્રિતકરવામાં આવ્યોજે પૈકી ૩૧૪ટન કચરાનો નિકાલકરવામાં આવ્યોઅને બાકી રહેલ કચરાનાનિકાલની કામગીરી હાલ પ્રગતિમાં છે. રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ ૨૫૧૫ ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટની(GVP) સાફ સફાઈ હાથ ધરવામાં આવી. રાજય ની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના કુલ ૧૯૦૪ મુખ્ય રસ્તાઓ, ૮૦૧ માર્કેટ વિસ્તાર, ૩૫૬૪૭ કોમર્શીયલ વિસ્તાર, ૨૮૬૧ રહેણાક વિસ્તારમાં સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી. રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાં કુલ૯૨૮ બ્લેક સ્પોટની સાફ સફાઈ હાથ ધરવામાં આવી. રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાંકુલ ૩૧૯ રેડ સ્પોટ(પાનની પિચકારી) ૨૨૦ યલ્લો સ્પોટની (ખુલ્લામાંયુરીનલ થતા સ્થળ) સાફ સફાઈ હાથ ધરવામાં આવી. રાજયની મહાનગરપાલિકાઅનેનગરપાલિકાઓમાં કુલ ૪૨૧૬૬ સફાઈ કર્મચારી સાથે ૧૨૧૫૦૮ કલાકનું યોગદાન આપવામાં આવ્યું. વધુમાં, રાજયની મહાનગરપાલિકા અને નગરપાલિકાઓમાંઆવેલકુલ ૧૬૮૫ કમ્યુનીટી/જાહેર શૌચાલય અને યુરીનલની સાફ સફાઈ હાથ ધરવામાં આવી. રાજયની મહાનગરપાલિકા/ નગરપાલિકાઓમાં કુલ ૮૦થી વધુ સ્વચ્છતાના શેરીનાટકનું આયોજન કરવામાં આવ્યું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં યોજાયો જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) ના નવા સભ્યોનો પદ ગ્રહણ સમારોહ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ભારત દેશ આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યો

સમાજમાંથી જે મેળવ્યું છે એ સમાજને પાછું આપવાના ઉદ્દેશ સાથે જૈન ઇન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન(JITO) કામગીરી કરી રહી છે.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદ ખાતે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) નાનવનિયુક્તસભ્યો નો પદ ગ્રહણ સમારોહ યોજાયો હતો. આ પદ ગ્રહણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકાર અને સમાજ સાથે મળીને વિકાસની પરિભાષા સાર્થકકરી રહ્યાછે. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) સંસ્થા જૈન સંપ્રદાયના સામાજિક અને આર્થિક ઉત્થાન માટે ઉત્કૃષ્ટ કામગીરી કરીરહી છે. સમાજ માંથી જે મેળવ્યું છે એ સમાજને પાછું આપવાના ઉદ્દેશ સાથે આ સંસ્થા પ્રસંશનીય કામગીરીકરીરહી છે, એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાંભારત દેશઆજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યો છે અને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે. આજે વિશ્વભરમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સર્જાઈ છે ત્યારે વડાપ્રધાનશ્રીએ રોજિંદુ જીવન પર્યાવરણને ઉપયોગી બનાવવાના ધ્યેય સાથે મિશન લાઈફની શરૂઆત કરાવી છે. પર્યાવરણની કાળજી લઈશું તો જ આપણે આવનારી પેઢીને સ્વસ્થ જીવન આપી શકીશું. પર્યાવરણની જાળવણીના ઉમદા ઉદ્દેશ સાથે સ્વભાવ સ્વચ્છતા અને સંસ્કાર સ્વચ્છતાના સૂત્ર સાથે સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, એમ તેમણે ઉમેર્યું હતું. વર્ષ ૨૦૪૭માં દેશને વિકસિત ભારતબનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સૌ સાથેમળીને પ્રયાસકરીએ અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવીએ એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મેયર સુશ્રી પ્રતિભાબેન જૈને નવા પદ ગ્રહણ કરનાર ટીમને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું કે, જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન(JITO) સામાજિક, આર્થિક, ધાર્મિક, શૈક્ષણિક ક્ષેત્રે 'સૌના સાથ, સૌના વિકાસ'ના મંત્ર સાથે કામગીરી કરીને 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવના સાકાર કરી રહી છે. આજના સમારોહમાંનવા ચેરમેન અને તેમની ટીમે શપથ લઈને પદ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (JITO) અમદાવાદ ચેપ્ટરના નવા ચેરમેનશ્રી ઋષભપટેલ સહિત JITO એપેક્સના વિવિધ હોદ્દેદારોએ પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, JITO એસેવા, જ્ઞાન અનેઆર્થિક સશક્તિકરણના મૂળમંત્રસાથે જૈન ધર્મના લોકોનાસામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઉત્થાનનું કાર્ય કરી કરતીસંસ્થા છે. જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન(JITO)ના નવા સભ્યોના પદ ગ્રહણ સમારોહમાં ટોરેન્ટ ગ્રુપના ચેરમેન શ્રી સુધીર મહેતા, જૈનની વિવિધ પાંખના સભ્યો, જૈન શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણ સમિતીની બેઠક ગાંધીનગરમાં સંપન્ના

સમરસ હોસ્ટેલ-માનવ ગરિમા યોજના-ડો. આંબેડકર વિદેશ અભ્યાસ લોન સહિતની અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિઓ માટેની કલ્યાણ યોજનામાં રાજ્ય સરકારની સંતોષ પૂર્વ કામગીરીની સૌ સભ્યોએ સરાહના કરી

નાણામંત્રીશ્રી-આદિજાતિ વિકાસ મંત્રીશ્રી- સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી તથા ગૃહ રાજ્યમંત્રીશ્રી બેઠકમાં સહભાગી થયા

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર માં રાજ્ય સ્તરીય તકેદારી અને દેખરેખ નિયંત્રણસમિતિની બેઠક યોજાઈ હતી. આસમિતિની રચના અનુસૂચિત જાતિઓ અનુસૂચિત આદિજાતિઓ(અત્યાચારનિવારણ) સુધારા નિયમો ૨૦૧૮ અન્વયે કરવામાં આવેલી છે. અનુસૂચિત જાતિ, જનજાતિ અને પછાત વર્ગો માટેની વિવિધ કલ્યાણકારી યોજનાઓ ખાસ કરીને માનવ ગરિમા યોજના,આદિ જાતિઓના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટેની ડોકટર આંબેડકર વિદેશ અભ્યાસ લોન તથા શહેરોમાં અભ્યાસ સાથે આવાસ સુવિધાનીસમરસ હોસ્ટેલ વગેરેમાં રાજ્યસરકારનીસંતોષપૂર્ણ કામગીરીની આ સમિતિના સભ્યોએ સરાહના કરી હતી. આ બેઠકમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસમંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબહેન બાબરીયા, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવી તથા મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ જોડાયા હતા. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત આદિજાતિઓની અનામત બેઠકો પરના ચૂંટાયેલા ધારાસભ્યોશ્રીઓ, સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, પ્રભુભાઈ વસાવા, વિનોદભાઈ ચાવડા, દિનેશ મકવાણા વગેરે પણ આ બેઠકમાં સહભાગીથયા હતા.

નવસારી જિલ્લો રાજ્યકક્ષા વન અને પર્યાવરણ મંત્રીશ્રી મુકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને નવસારી જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો.

વર્તમાન સરકાર દ્વારા સરકારી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોચાડી છે. ગરીબ કલ્યાણ મેળાથી લઇ તમામ યોજનામાં લાભો સિધા બેંકમાં જમા થતા વચેટીયાને દુર કર્યા છે.- મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ

કમલમ્ ન્યુઝ,

ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત નવસારી જિલ્લામાં ૧૭૪૧ લાભાર્થીઓને રૂ.૮ કરોડની સહાય-સાધનોના લાભો અર્પણ કરાયા મંત્રીશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ લાભાર્થી ભાઇ બહેનો સાથે સીધો સંવાદ કરી તેમને મળેલ યોજનાકિય લાભ અંગે પ્રતિભાવો જાણ્યા નવસારી જિલ્લામાં રાજયકક્ષા વન અને પર્યાવરણ ક્લાઈમેટ ચેન્જ, જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી મુકેશભાઈપટેલના અધ્યક્ષ સ્થાને ઢોડીયા સમાજની વાડી, સુરખાઈ, ચિખલી ખાતે જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો હતો. નવસારી જિલ્લાના ગરીબ કલ્યાણ મેળા દરમિયાન આદિજાતિ વિભાગ, આરોગ્ય, કૃષિ, પશુપાલન, ગ્રામવિકાસ, મહિલા અને બાળ કલ્યાણ, ફિશરીઝ ,જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સમાજ કલ્યાણ, સમાજ સુરક્ષા, શિક્ષણ વિગેરે જુદા જુદા વિભાગના લાભાર્થીઓને સ્ટેજ ઉપથી મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ સહિત મહાનુભાવોના હસ્તે ૧૭૪૧ લાભાર્થીઓને રૂ.૦૮ કરોડની સાધન- સહાયના લાભો હાથોહાથ અર્પણ કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે મંત્રીશ્રી મુકેશભાઇ પટેલ ગરીબ કલ્યાણ મેળામાં અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગરીબ કલ્યાણ મેળામાત્ર સરકારી સહાય આપવાના ઉદ્દેશ્યથી નહિ પરંતુ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની દીર્ઘદ્રષ્ટિથી ગરીબોના સશક્તિકરણનું મહાઅભિયાન બન્યા છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગરીબોને સશક્તિકરણ અભિયાન વધુ તેજ બનાવી ગરીબને આત્મનિર્ભર કરી આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતના સંકલ્પ કરવાનો છે. વર્તમાન સરકાર દ્વારા સરકારી યોજનાઓ છેવાડાના માનવીસુધી પહોચાડી છે. ગરીબ કલ્યાણ મેળાથી લઈ તમામ યોજનામાં લાભો સિધા બેંકમાં જમા થતા વચેટીયાને દુર કર્યા છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી મુખ્યમંત્રી હતા ત્યારે રાજયના છેવાડાના માનવીની ચિંતાકરી અને ગરીબ કલ્યાણ મેળા શરુ કર્યા હતા. ગુજરાતમાં આજદિન સુધી ૧૩માં તબક્કામાં ૧૬૦૪ ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી ૧.૬૬ કરોડો જરૂરિયાતમંદ લાભાર્થીઓને રૂા.૩૬૮૦૦ કરોડ ઉપરાંતની સહાય હાથો હાથ પહોંચાડવામાં આવી છે, ત્યારે આજે ગરીબ કલ્યાણ મેળાના ૧૪માં તબક્કા હેઠળ નવસારી જિલ્લામાં આજે વિવિધ યોજનાના કુલ ૧૭૪૧ લાભાર્થીઓને રૂ.૮૦૦૬૬૧૭૮.૩૪ કરોડની સહાય-સાધનોના લાભો હાથોહાથ આપવામાં આવ્યા છે તેમણે લાભ મેળવનાર લાભાર્થીઓને મળેલ કીટ કે સાધન સહાયનો ઉપયોગ સમજી વિચારી પોતાના આર્થીક વિકાસ માટે કરવા જાહેર અપીલ કરી હતી. વધુમાં તેમણે સેવા સેતુ અને ગરીબ કલ્યાણ મેળા જેવા કાર્યક્રમો થકી સરકાર જ્યારે ઘર આંગણે લાભ આપવા આવતી હોય તો તેનો ફાયદો ઉઠાવવા નાગરિકોને સ્વયં જાગૃત બનવા મીઠીટકોર કરી હતી. આ સાથે બહેનોને સખી મંડળોમાં જોડાવા અને લખપતી દિદિ સહિત ડ્રોન તાલીમ જેવી યોજનાઓનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતે મંત્રીશ્રીએ જળનું મહત્વ સમજાવી રેઈન વોટર હાર્વેસ્ટીંગ અપનાવવા અને દક્ષિણ ગુજરાતમાં વરસાદ વધારે પડે છે તો પાણીની બચત પણ વધારે થવી જોઈએ તથા એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત દરેક વ્યક્તિ પોતાના જન્મ દિને એક વૃક્ષ વાવે તે માટે ખાસ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી કાર્યક્રમમાં ઉપસ્થિત લાભાર્થીઓમાંથી વિવિધ લાભાર્થી ભાઇ બહેનો સાથે સીધો સંવાદ કરી તેમને મળેલ યોજનાકિય લાભ અંગે પ્રતિભાવો જાણ્યા હતા. બોક્ષ- અત્રે નોંધનિય છે કે, વર્ષ-૨૦૨૪ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત કુલ-૩૩૧૯૩ લાભાર્થીઓને રૂપિયા ૨૨૫૨૭૯૧૪૭૭.૧૭ના વિવિધ સાધન સહાયના લાભો આપવામાંઆવનાર છે. જેમાં વર્ષ-૨૦૨૪ ગરીબ કલ્યાણ મેળા અગાવ કુલ- ૩૦૨૮૫ લાભાર્થીઓને રૂપિયા ૨૧૫૬૩૧૧૩૦૭ના લાભો આપવામાં આવ્યા છે. મેળા બાદ કુલ-૧૧૬૭ લાભાર્થીઓને રૂપિયા ૧૬૪૧૩૯૧.૬૪ આપવામાં આવનાર છે. તથા આજે ગરીબ કલ્યાણ મેળા દરમિયાન કુલ ૧૭૪૧ લાભાર્થીઓને રૂ.૮૦૦૬૬૧૭૮.૩૪ કરોડના લાભોઆપવામાંઆવ્યાછે. આમ, વર્ષ-૨૦૨૪ ગરીબ કલ્યાણ મેળા અંતર્ગત નવસારી જિલ્લામાં ૩૩૧૯૩ લાભાર્થીઓને રૂપિયા ૨૨૫૨૭૯૧૪૭૭ના વિવિધ લાભોથી લાભાન્વિત થશે. કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખશ્રી પરેશભાઇ દેસાઇએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતુ કે,વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ સાચા અર્થમાં ગરીબને સશક્ત કર્યા છે. આજના કાર્યક્રમ થકી નાગરિકોને ખ્યાલ આવે કે સરકાર નાગરિકો માટે કેટલુ કામ કરી રહીછે. આજે કરોડોના લાભોનવસારી જિલ્લામાં આપવામાં આવ્યોછે. પ્રમુખશ્રીએ વધુમાં વિવિધ યોજના અંગે માહિતી આપતા જનધન યોજના, ગરીબ માતા બહેનોમાટે ઉજ્જવલા યોજના, ગરીબોને આવાસની પ્રધાનમંત્રી આવાસ યોજના, વીમા સુરક્ષા યોજના અને આયુષ્યમાન ભારત યોજનાથી ગરીબને ગરીબી રેખાથી ઉપર ઉઠાવી સ્વમાનભેર જીવતો કર્યો છે એમ ઉમેર્યું હતું. તેમણે સેવાસેતુ કાર્યક્રમમાં પણ નાગરિકોને આવવા અને લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતે તેમણે રેઈન વોટર હાર્વેસ્ટીંગ કોન્સેપ્ટને અપનાવી પાણી બચાવવાના ભગીરથ કાર્યક્રમમાં જોડાવા અનુરોધ કર્યો હતો. કાર્યક્રમમાં ગણદેવી ધારાસભ્યશ્રી નરેશ પટેલે પ્રાસંગિક ઉદ્બોધન કરતા જણાવ્યું હતુ કે,રાજયે સરકારદ્વારા લોકોની સુખાકારી માટે વિવિધ યોજનાઓ કાર્યરત છે.ગરીબ કલ્યાણ મેળા દ્વારા અનેક લોકોના જીવન ધોરણ ઉપર લાવવામાં સરકારશ્રીનું ખુબ મોટું યોગદાન રહ્યું છે. ધારાસભ્યશ્રીએ વધુમાં હાલ ચાલી રહેલ સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત સૌને પોતાની આસપાસ સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત તેમણે અત્રે ઉભા કરેલા સ્ટોલમાં વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી છે. જે અંગે નાગરિકોને પોતે પણ જાગૃત બની સરકારશ્રીની યોજનાનો લાભ લેવા અપીલ કરી હતી. આ પ્રસંગે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રીપલ ચૌધરી સ્વાગતપ્રવચન, કાર્યક્રમની આભાર વિધિ પ્રાંત અધિકારીશ્રી મિતેશ પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં યોજનાકિય શોર્ટ ફિલ્મ સહિત બનાસકાંઠાથી મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને યોજાયેલ રાજ્યકક્ષાના લાઈવ પ્રસારણને સૌએ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં સ્ટેજ ઉપરથી મહાનુભાવોના હસ્તે તથા પેટા સ્ટેજ ઉપરથી વિવિધ યોજનાના લાભાર્થીઓને કીટ,સાધન સહાય, ચેક વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ઉપસ્થિત સૌએ પોતાની આસપાસ સ્વચ્છતા જાળવવા સ્વચ્છતા શપથ ગ્રહણ કરી હતી. કાર્યક્રમમાં ચિખલી તાલુકાના શાળા કોલેજના બાળકો દ્વારા રાસ ગરબા, આદિવાસી નૃત્ય રજુ કરી સૌને મંત્ર મુગ્ધ કર્યા હતા. કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી રાકેશ દેસાઈ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી પુષ્પલતા, અધિક નિવાસી કલેક્ટરશ્રી કેતન જોષી, પ્રાયોજના વહિવટદારશ્રીઓ, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિના સભ્યો, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામશ્રી, જિલ્લા વહીવટીતંત્રના ઉચ્ચ અધિકારીશ્રીઓ કર્મચારીઓ અને જિલ્લા-તાલુકા અને નગરપાલિકાના પદાધિકારીશ્રીઓ અને બહોળી સંખ્યામાં લાભાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

ભારત વિકાસ પરિષદ ભારતનગર શાખા દ્વારા "ભારત કો જાનો" પ્રશ્નમંચ યોજાયો

કમલમ્ ન્યુઝ,

"કહે છે જ્ઞાનને કોઈ સીમા નથી હોતી અને મહેનત કરનારની હાર નથી હોતી" બસ આ જ ઉક્તિ ને સાર્થક કરતાં ભારત વિકાસ પરિષદ ભારતનગર શાખા દ્વારા "ભારત કો જાનો પ્રશ્નમંચ" જૈનાચાર્ય અજરામર શ્રી સરસ્વતી વિદ્યા મંદિર આદિપુર મધ્યે તારીખ ૨૫/૦૯/૨૦૨૪ બુધવારના રોજ યોજાયો હતો. જેમાં ભારતનગર શાખાના પ્રમુખ શ્રી જીગરભાઈ ઠક્કર, ઉપપ્રમુખ શ્રી ઉપેન્દ્રપુરી ગોસ્વામી, મંત્રીશ્રી દેવેન્દ્રભાઈ ઠક્કર, ખજાનચી શ્રી નરેન્દ્રભાઇ થવાણી, મહિલા સંયોજિકા શ્રી પ્રીતિબેન શાહ, શ્રીપૂજાબેન ગોસ્વામી,? શ્રી રીકુબેન પટેલ, શ્રીપાયલબેન ગોસ્વામી, માર્ગદર્શક શ્રી રમેશભાઈ સથવારા, શ્રી કૈલાસબેન ભટ્ટ તેમજ યોગ કોચ શ્રી ભૂપેન્દ્રસિંહ સોઢા અને પૂજાબેન લાલવાણી હાજર રહ્યા હતાં. આ પ્રશ્નમંચમાં આદિપુર અને ભારતનગરની કુલ ૧૫ શાળાઓએ ભાગ લીધેલ હતો. જેમાં પ્રાથમિક વિભાગ ગુજરાતી -૯ શાળા અને પ્રાથમિક વિભાગ અંગ્રેજી -૨ શાળા અને માધ્યમિક વિભાગ ગુજરાતી -૪

શાળાઓમાં થી પ્રાથમિક વિભાગ ગુજરાતીમાં

"જૈનાચાર્ય અજરામર શ્રી સરસ્વતી વિદ્યામંદિર આદિપુર -પ્રથમ ક્રમાંક"

"બાલ વિકાસ પ્રાથમિક શાળા -દ્વિતીય ક્રમાંક"

પ્રાથમિક વિભાગ અંગ્રેજી માધ્યમમાં

"Savy International પ્રથમ ક્રમાંક"

Kutch Academy દ્વિતીય ક્રમાંક"

માધ્યમિક વિભાગ ગુજરાતી માધ્યમ

"માતૃછાયા કન્યા વિદ્યાલય પ્રથમ ક્રમાંક"

"જૈનાચાર્ય અજરામર શ્રી સરસ્વતી વિદ્યામંદિર દ્વિતીય ક્રમાંક"

વિજેતા રહ્યા હતા.જેમને દરેકને શિલ્ડ અને પ્રમાણપત્ર અર્પી સન્માનિત કરવામાં આવ્યા હતાં.આ કાર્યક્રમને વધુ સુશોભિત કરવા "ગુરુવંદન" પ્રકલ્પને આવરી લેતાં જૈનાચાર્ય અજરામર શ્રી સરસ્વતી વિદ્યામંદિર આદિપુર નાં આચાર્યો શ્રીચંદાબેન કોરાણી, શ્રી ભારતીબેન પટેલ, શ્રી દિપાલીબેન વાછાણી, શ્રી કવિતાબેન સોલંકી ને સમય , શ્રમ અને જ્ઞાન યોગદાન બદલ શિલ્ડ અર્પી સન્માનિત કરવામાંઆવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા ભારતનગર શાખાની સમગ્ર ટીમે ખૂબ જહેમત ઉઠાવી પોતાનો અમૂલ્ય યોગદાન આપેલ હતો.

બારડોલીમાં સુરત જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારના હસ્તે લાભાર્થીઓને સાધન સહાયનું વિતરણ

ગરીબ કલ્યાણ મેળાઓ થકી એક એક જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી રાજ્ય સરકાર પહોચી છે: ભાવિનીબેન પટેલ

ગરીબ કલ્યાણ મેળામાં અને ત્યારબાદ સુરત જિલ્લાના કુલ ૧૯,૩૮૪ લાભાર્થીઓને રૂ.૪૬ કરોડની સાધનસહાય અર્પણ કરવાનો અભિગમ

કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારની વિવિધ યોજનાકીય સહાય ગરીબ, જરૂરિયાતમંદ લાભાર્થીઓને એક જ સ્થળે હાથોહાથ આપવાના આશયથી રાજ્યભરમાં આયોજિત ગરીબ કલ્યાણ મેળાના ૧૪મા તબક્કા અંતર્ગત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સુરત જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો સરદાર પટેલ ટાઉન હોલ, બારડોલી ખાતે યોજાયો હતો. જેમાં જિલ્લા પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલ, ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર અને મોહનભાઈ ઢોડીયા તેમજ મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સાધન સહાયનું હાથોહાથ વિતરણ કરાયું હતું. ગરીબ કલ્યાણ મેળા પહેલા, મેળામાં અને કુલ ૧૯,૩૮૪ લાભાર્થીઓને રૂ.૪૬ કરોડની સાધનસહાય અર્પણ કરવાના અભિગમ સાથે જુદા જુદા વિભાગો દ્વારા માનવ કલ્યાણ યોજના, માનવ ગરિમા, સ્વસહાય જુથ સંબંધિત યોજનાઓ, આવાસ, વ્હાલી દિકરી, દિવ્યાંગ લગ્ન સહાય, કૃષિ અને પશુપાલનની યોજનાઓ, કુંવરબાઈ મામેરા, સ્વસહાય જૂથોને સ્ટાર્ટઅપ ફંડ, ગંગાસ્વરૂપા અને વૃદ્ધ સહાય પેન્શન, સ્વામિત્વ, વિદેશ અભ્યાસ લોન, આયુષ્માન કાર્ડ, નિઃશુલ્ક બસ પાસ, ખેડૂતોને ઓજાર સહાય, ખેતમજૂરોને સાધનસહાય સહિતની અનેકવિધ યોજનાના લાભો અપાયા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીએ જણાવ્યું હતું કે, વંચિતોના વિકાસની દરકાર કરીને ગરીબ કલ્યાણ મેળાઓ થકી એક એક જરૂરિયાતમંદ લાભાર્થીઓ સુધી રાજ્ય સરકાર પહોંચીછે, અને લાભાર્થીઓને ઘરઆંગણે યોજનાકીય લાભો હાથોહાથ એનાયત કરવાની આપણે પ્રણાલી ઉભી કરી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી સુશાસનના સંકલ્પ સાથે ગરીબો, વંચિતો માટે સમર્પિત રાજ્ય સરકારે ગરીબ કલ્યાણ મેળાની પરંપરાને જાળવી રાખીછે, ત્યારે તેમણે સાધન સહાય, રોજગાર કીટ્સથી લાભાર્થીઓ આર્થિક પગભર બની શકશે એમ ઉમેર્યુ હતું. ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમારે જણાવ્યુ કે, ગરીબો અને વંચિતોને સરકારી યોજનાઓના લાભ હાથોહાથ પહોંચાડીને તેમને આત્મનિર્ભર બનાવવા ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.રાજ્યભરમાં અગાઉ તેર તબકકામાંયોજાયેલા ૧૬૦૪ ગરીબ કલ્યાણ મેળાઓ થકી ૧.૬૬ કરોડ લાભાર્થીઓને રૂા.૩૬,૮૦૦ કરોડની સહાય આપવામાં આવી છે, જે એક મોટું સીમાચિહ્ન છે. શ્રી પરમારે કહ્યું કે, ભૂતકાળની સરકારોમાં વચેટિયા વિના યોજનાકીય લાભો મેળવવા દુષ્કર હતા, ત્યારે અમારી સરકારે વચેટિયા, એજન્ટો દલાલોને નેસ્ત નાબૂદ કર્યા છે અને સીધા બેંક ખાતામાં જ સો ટકા સહાય પહોંચે એવી પારદર્શક વ્યવસ્થા ઉભી કરી છે. સ્વાગત પ્રવચન કરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી એમ.બી. પ્રજાપતિએ ગરીબ કલ્યાણ મેળાની રૂપરેખા આપી હતી. આ વેળાએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં બનાસકાંઠામાં આયોજિત રાજ્ય કક્ષાના ગરીબ કલ્યાણ મેળાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. કાર્યક્રમમાં સ્વચ્છતા હી સેવા અભિયાન, બારડોલી તાલુકાના બાબેન ગામની સ્વચ્છતા, ગ્રામીણ કૌશલ્ય વિકાસ તેમજ વોટરશેડ યોજનાની શોર્ટ ફિલ્મોનું નિદર્શન ઉપસ્થિત સૌએ નિહાળ્યુંહતું. કાર્યક્રમના અંતે સૌએ સ્વચ્છતા અને શ્રમદાનના શપથગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે તા. પંચાયત પ્રમુખ જમુનાબેન રાઠોડ, નગરપાલિકા પ્રમુખ ધર્મેશ પટેલ, જિલ્લા કલેક્ટર ડૉ. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, પ્રાંત અધિકારી જિજ્ઞા પરમાર, અગ્રણીઓ જીગર નાયક, ભારતીબેન રાઠોડ, રોશનભાઈ, જિ. પંચાયતની વિવિધ સમિતિઓના ચેરમેનો, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના'ના માધ્યમથી રાજયના બાળકો તકનીકી શિક્ષણમાં રહેશે અગ્રેસર

આ યોજના અંતર્ગત અત્યારસુધીમાં રાજ્યના ૧.૨૦ લાખ કરતા વધુ ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓને રૂ.૧૨ કરોડ કરતા વધુની સહાય ચૂકવાઈ



સુરત જિલ્લામાં સૌથી વધુ ૧૬ હજાર વિદ્યાર્થીઓએ લાભ લીધો

કમલમ્ ન્યુઝ,

'સૌભણે ગણે અને આગળ વધે' તેવા ઉમદા હેતુથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે શરૂ થયેલા શાળા પ્રવેશોત્સવ, કન્યા કેળવણી અને ગુણોત્સવ જેવા કાર્યક્રમો આજે દેશભરમાં પ્રેરક અનુકરણીય બની રહ્યા છે. જ્યારે ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં તેમજ શિક્ષણ મંત્રી ડૉ. કુબેરભાઈ ડીંડોર અને શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયાની આગેવાનીમા અનેક નવી યોજનાઓ દ્વારા શિક્ષણનો વ્યાપ સતત વધી રહ્યો છે. આવી એક શિક્ષણલક્ષી યોજના છે 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના'. આ વર્ષે જ પ્રથમવાર અમલી બનાવાયેલી આ યોજના અંતર્ગત તા. ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજયના ઉચ્ચતર માધ્યમિકના ૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૧૨ કરોડ કરતા વધુની સહાય રાજય સરકાર દ્વારા ચૂકવવામાં આવીછે તેમ, શિક્ષણ વિભાગ દ્વારા જણાવાયું છે. 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના હેઠળ સુરત જિલ્લામાં સૌથી વધુ ૧૬,૨૬૫ વિદ્યાર્થીઓને રૂ.૧.૬૨ કરોડથી વધુની સહાય, અમદાવાદ જિલ્લામાં ૧૦,૪૧૧ વિદ્યાર્થીઓને રૂ.૧.૦૪ કરોડ, રાજકોટ જિલ્લામાં ૮,૬૯૭ વિદ્યાર્થીઓને રૂ.૮૬ લાખથી વધુ, બનાસકાંઠા જિલ્લામાં ૮,૨૨૧ વિદ્યાર્થીઓને રૂ.૮૨ લાખથી વધુ તેમજ નવસારી જિલ્લામાં ૬,૫૬૦ વિદ્યાર્થીઓને રૂ.૬૫ લાખથી વધુની સહાય આમ રાજયના તમામ ૩૩ જિલ્લાઓ મળીને અંદાજિત ૧.૨૦ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ.૧૨ કરોડ કરતા વધુની સહાય ચૂકવવામાં આવી છે. આ ઉપરાંત ચાલુ વર્ષ ૨૦૨૪-૨૫ના બજેટમાં કુલ રૂ.૨૫૦ કરોડની જોગવાઈ 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' માટે કરવામાં આવી છે. વિજ્ઞાન પ્રવાહના અભ્યાસની અગત્યતાને ધ્યાને રાખીને વધુમાં વધુ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ મેળવી ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે તે માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સહાય આ યોજના અંતર્ગત આપવામાં આવે છે, જેનું અમલીકરણ પ્રથમવાર શૈક્ષણિક વર્ષઃ૨૦૨૪-૨૫થી કરવામાં આવ્યું છે. આ યોજનાના અમલીકરણ થકી રાજ્યમાં વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ મેળવેલ અને તકનીકી કૌશલ્ય ધરાવનાર યુવાધન માટે વિવિધ ક્ષેત્રોમાં વિપુલ તકો ઉપલબ્ધ થશે. વધુમાં આ યોજનાનો લાભ જે વિદ્યાર્થીઓ ધો-૧૦ની બોર્ડ પરીક્ષામાં ૫૦% કે તેથી વધુ ગુણ મેળવી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા પ્રાપ્ત રાજ્યની સરકારી /અનુદાનિત/ સ્વ નિર્ભર શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ મેળવે તેવા વિદ્યાર્થીઓને કુલ રૂ. ૨૫,૦૦૦/- ની રકમ સહાય તરીકે ચૂકવવામાં આવે છે. આ રકમની ચૂકવણી સીધી જ લાભાર્થીના બેંક ખાતામાં હપ્તાના માધ્યમથી જમા કરવામાં આવે છે તેમ શિક્ષણ વિભાગની યાદીમાં વધુમાં જણાવાયું છે.

કડી તથા ગાંધીનગર શહેર માં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ –કડી ગાંધીનગર દ્વારા સાતમો નિશુલ્ક કાયરોપ્રેક્ટીક સારવાર કેમ્પ સંપન્ન



કમલમ્ ન્યુઝ,

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ – કડી ગાંધીનગર સંચાલિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયની ગાંધીનગર સેક્ટર ૧૨ સિવિલ કેમ્પસમાં આવેલી સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી અને ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રીલેશન તથા અમેરિકાના વેસ્ટ સાન ફ્રાન્સિસ્કોની લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટ (LCCW) યુ.એસ.એ.ના સંયુક્ત ઉપક્રમે સાતમા કાયરોપ્રેકટીક સારવાર કેમ્પનું આયોજન કડી શહેરમાં આવેલ ઈનડોર સ્ટેડિયમ તથા સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી, ગાંધીનગર ખાતે તારીખ ૨૩ થી ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૪ સુધી કરવામાં આવ્યું હતું.

આ સારવાર કેમ્પનુ ઉદ્ઘાટન કડી સર્વ વિશ્વ વિધાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ સર તથા લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટના પ્રતિનિધિ ડો. સ્કોટ , સંસ્થાના મંત્રીશ્રીઓ તથા ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટરનેશનલ રિલેશનના ડાયરેટર ડો. જીનલ જોષીના હસ્તે તા.૨૩ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું હતું.

ભારતીય સંસ્કૃતિ અને પરંપરા પ્રમાણે યુ.એસ.એ.થી પધારેલા તમામ નિષ્ણાત ડોકટરશ્રીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ તમામ ડોક્ટરશ્રીઓ દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યુ હતું. આયોજિત આ ત્રિ-દિવસીય સારવાર કેમ્પમાં ગરદનનો દુખાવો, પીઠનો દુખાવો, કમરનો દુખાવો, હાથ કે પગમાં ઝણઝણાટી આવવી, નસ દબાતી હોય વગેરે જેવી તકલીફ ધરાવતા ૨૨૦૦થી વધુ નાગરિકોઓએ આ નવીનત્તમ સારવાર પદ્ધતિનો લાભ લીધો હતો. અમેરિકાથી ન્ઝ્રઝ્રઉ કાયરોપ્રેકટીક કોલેજના ૧૨ નિષ્ણાત ડોક્ટરશ્રીઓ ઉપસ્થિત રહીને કડી ,ગાંધીનગર તથા ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલ દર્દીઓને સારવાર આપવામાં આવી હતી.

આ સારવારનો લાભ લેનાર દર્દીઓને રાહત લાગતા તેમની ભલામણ આધારે કાયરોપ્રેકટીકનો અભ્યાસ પૂર્ણ કરીને કાયરોપ્રેકટીકની ડિગ્રી પ્રાપ્ત કરીને આવેલા બે પ્રોફેસર્સ ડો. કે. વેંટ્ટીયનાદન, ડો.પાર્થ ત્રિવેદી દ્વારા હવે ફિઝ્યોથેરાપી કોલેજમાં આ કાયરોપ્રેકટીકની સારવાર કાયમી આપવામાં આવી રહી છે. કેમ્પના છેલ્લા દિવસે સર્વ વિદ્યાલયના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા લાઈફ કાયરોપ્રેકટીક કોલેજ વેસ્ટના પ્રતિનિધિ ડો.સ્કોટ , સહિત ડેનિએલા, ગારી, બ્રાયન, રશેલ, હેનરી, મેગેન, ક્રિસ્ટોફર,મેક્ષ, હેન્નાહ, અક્ષાય, ફીએલ,વગેરે ડોક્ટર્સને સંસ્થા તરફથી સ્મૃતિ ચિહ્ન અર્પણ કરી આભાર પ્રગટ કર્યો હતો.

મંત્રીશ્રી કુંવરભાઈ હળપતિ ના અધ્યક્ષસ્થાને ભરૂચ જિલ્લાકક્ષાનો ગરીબ કલ્યાણ મેળો યોજાયો

ભરૂચ જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં કુલ- ૨૭૫૦૭ થીવધુ લાભાર્થીઓને કુલ રૂા.૧૦૧.૩૭ કરોડની સહાય અને કિટનું મંત્રીશ્રી તથા મહાનુભાવોના હસ્તે વિતરણ કરાયું.

ઉપસ્થિત સૌને પોતાની માતાના નામે એક વૃક્ષ વાવી “એક પેડ મા કે નામ “અભિયાનમાં સહભાગી થવાનો અનુરોધ કરતા પ્રભારીમંત્રીશ્રી

કમલમ્ ન્યુઝ,

ગરીબોના કલ્યાણ માટે પારદર્શક વહીવટ દ્વારા છેવાડાના જરૂરતમંદોને હાથોહાથ સહાય આપવાના મહાયજ્ઞ સમા ભરૂચ જિલ્લાકક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજયકક્ષાનામંત્રી અને જિલ્લા પ્રભારીમંત્રીશ્રી કુંવરભાઈ હળપતિના અને અન્ય મહાનુભાવોના હસ્તે ગરીબ કલ્યાણ મેળામાં ૨૭૫૦૭ થી વધુ લાભાર્થીઓને કુલ રૂા.૧૦૧.૩૭ કરોડની સાધન સહાય અર્પણ કરાઈ હતી. આ વેળાએ મંત્રીશ્રી તથા મહાનુભાવો દ્વારા મંચ પરથી પ્રતિકાત્મક રૂપે લાભાર્થીઓને સાધનસહાય કીટ તેમજ લોન સહાયનુંવિતરણ કર્યુંહતું. ભરૂચના ઝાડેશ્વરમાંઆવેલ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિર સભાખંડ ખાતે આયોજિતરાજય સરકારના ઓળખ સમા કાર્યક્રમમાં પ્રભારી મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, ગરીબો ગરીબી રેખાથી ઉપર આવી પોતાનો સ્વતંત્ર વ્યવસાયકરી રોજગાર મેળવી શકે અને આર્થિક રીતે પગભર બનીશકે તેવાં આશયથી તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ જરૂરીયાતમંદ લોકોને પ્રત્યક્ષ અને હાથોહાથ સહાય આપવાના પ્રેરક અભિગમથી ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરી હતી. જે પરંપરાને રાજ્ય સરકારે જાળવીનિરંતર બનાવી છે. મંત્રીશ્રીએ આ સંદર્ભે કહ્યું કે, વર્ષ ૨૦૦૯-૧૦ થી ગરીબ કલ્યાણ મેળાના સફળઆયોજનથકી લાખો ગરીબોના જીવનમાં આમૂલ અને સુખમય પરિવર્તન લાવીશકાયું છે. વચેટીયા પ્રથા નાબૂદ કરીને સ્થાનિક પ્રશાસનની મદદથી શોધી-શોધીને લાખો લાભાર્થીઓને એક જ સમયે, એક જ સ્થળે સીધા તેમના હાથમાં જ લાભ આપવાનું કામ સરકાર કરી રહીછે. જેનાથી ગરીબોના ઘરમાં સુખ અને સમૃદ્ધિનો માહોલ સર્જાયો હોવાનું જણાવી લાભાર્થીઓને મળેલી સાધન સહાયનો યોગ્ય ઉપયોગ કરી પરિવારનું જીવનધોરણ સુધારવાનો સૌ લાભાર્થીને અનુરોધ કર્યો હતો. વધુમાં જરૂરીયાતમંદ લોકોને પણ આ પ્રકારે યોજનાનો લાભ લેવા પ્રેરણા પુરી પાડવા જણાવ્યું હતું. પ્રભારી મંત્રીશ્રીએ ભૂતકાળની વિકટ સ્થિતિની સ્મૃતિ તાજી કરાવતા કહ્યું કે, ભૂતકાળની સરકારોએ ‘ગરીબી હટાવો’ના ભ્રામક નારાઓઆપીને ગરીબીના સ્થાને ગરીબોને હટાવવાનું કાર્ય કર્યું, જ્યારેવર્તમાન કેન્દ્રઅને રાજ્ય સરકારે ગરીબોની પીડાને જાણી-સમજીને ગરીબોના હામી બની ગરીબો-વંચિતોના હિતોને હંમેશા પ્રાધાન્ય આપ્યુંછે. તેમણેઉમેર્યું હતું કે, ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી યુવાનો-ખેડૂતો-મહિલાઓ-આદિવાસીઓના હિત અને જન કલ્યાણનું પૂણ્ય કાર્ય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં થઈ રહ્યું છે. ગરીબ કલ્યાણ મેળાઓ વહીવટની સરળતાનું ઉત્તમ ઉદાહરણ બન્યા છે એમ જણાવતા રાજ્ય સરકારે આજ સુધી ૧૩ તબક્કામાં યોજાયેલા ગરીબ કલ્યાણ મેળાઓમાં સમગ્ર રાજ્યના ૧,૦૦,૭૩૪ કરોડ જેટલા લાભાર્થીઓને રૂા ૩૧૮ કરોડથી વધુની સાધનસહાયથી લાભાન્વિત કર્યા હોવાનું ગર્વથી કહ્યું હતું. પ્રભારી મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાંભારત દેશઆજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યો છે અને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યો છે. વર્ષ જ૨૦૪૭માં દેશને વિકસિત ભારતબનાવવાના વડાપ્રધાનશ્રીના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સૌ સાથેમળીને પ્રયાસકરીએ અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવીએ એવો વિશ્વાસ પ્રભારીમંત્રીશ્રીએ વ્યક્તકર્યો હતો. આ તકે, ભારે વરસાદ બાદ ખરાબ થયેલા રોડ- રસ્તાનું તાકીદે રિપેરીંગ કામ પણ આવનારા દીવસોમાં કરવામાં આવશે. જિલ્લામાં પાયાની તમામ સુવિધાઓમાં વધારો થતો રહે તે માટે ભરૂચ જિલ્લામાં વિકાસની સરવાણી હંમેશા વહેતીરહેશે. આ પ્રસંગે, પ્રભારીમંત્રીશ્રીએ સૌ નાગરિકોને અનુરોધકરતાજણાવ્યું હતુ કે આપણી પ્રથમ જવાબદારી સ્વચ્છતા છે. આપણા દેશના વડાપ્રધાનશ્રીનું એક સ્વપ્ન છે કે, આપણો દેશ વિકસિત બને અને અન્ય વિકસિત દેશોની હરોળમાં આગળ આવી ઉભો થાય અને એ દિશામાં આપણે આગળ વધવાનું હોય તો આપણે સૌએ સફાઈ અભિયાનમાં જોડાઈ આપણી આસપાસની તમામ જગ્યાઓની સ્વચ્છતા જાળવવી જોઈએ. જેમાં આપણે આપણા ઘર આંગણાથી સફાઈની શરૂઆત કરવી પડશે, આપણું ગામ સ્વચ્છ તો તાલુકો સ્વચ્છ,તાલુકો સ્વચ્છ તો જિલ્લો સ્વચ્છ, જિલ્લો સ્વચ્છ તો રાજ્ય સ્વચ્છ અને રાજ્ય સ્વચ્છ હશે તો આપણો ભારત દેશ સ્વચ્છ બનશે અને વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીનું એક ભારત શ્રેષ્ઠ ભારત સાથે વિકસિત ભારતનું સ્વપ્ન ખરા અર્થમાં સાકર થશે. વધુમાં રાજ્યમંત્રીશ્રીએ “એક પેડ મા કે નામ” અંતર્ગત આપણા જીવનમાં માતા અને વૃક્ષનું મહત્વ કેટલુ છે એ સમજાવીપોતાની માતાના નામે વૃક્ષ વાવી ગામને હરિયાળુ બનાવવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વાંસદીયાએ પણ પ્રાસંગિક ઉદબોધન કરતા ગરીબ કલ્યાણ મેળાઓ થકીસાચા અર્થમાં ગરીબો, વંચિતોનું કલ્યાણ થઈ રહ્યું હોવાનું જણાવી રાજ્ય સરકારની આ સફળપહેલને બિરદાવી હતી. ધારાસભ્યશ્રી રમેશભાઈ મિસ્ત્રીએ જણાવ્યુંહતું કે,પ્રજાની અપેક્ષાઓને પરિપૂર્ણકરવાના અનેતેમના હકના લાભો આપવાના અભિયાનનો સમગ્ર રાજ્યમાં પ્રારંભ થયો છે. છેવાડાના અદના માનવીઓને સાધન સહાય આપીને તેમના સર્વાંગી વિકાસના ભાગીદાર બનવાનું કાર્ય ગરીબ કલ્યાણ મેળાઓના માધ્યમથી સાકાર થયું છે. ’રાજ્ય સરકારે પ્રશાસનને સંવેદનશીલ બનાવીને સહાયનો હાથ પ્રજા સુધી, જરૂરિયાતમંદો સુધી લંબાવ્યો છે. ગરીબોને આવાસ, પાણી, આરોગ્ય, રસ્તાઓ જેવીઅનેક જનસુવિધાઓ આપીને તમામ ક્ષેત્રોમાં સરકારે સિદ્ધિના નવા સોપાનો સર કર્યા હોવાનું તેમણે ભારપૂર્વક કહ્યું હતું. ધારાસભ્ય શ્રીઅરૂણસિંહ રણાએ પણ વિવિધસરકારી યોજનાઓનો સીધો લાભ ગરીબોને પ્રાપ્ત થઈ રહ્યો છે જે સરાહનીય છે તેમ જણાવી રાજય સરકારની તમામ યોજનાઓનો લાભ સૌએ લેવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે જિલ્લા કલેક્ટરશ્રી તુષાર સુમેરાએ સ્વાગતપ્રવચન કરતાંજણાવ્યું હતુ કે, રાજ્ય સરકારના વિવિધ કલ્યાણકારીયોજનાઓમાં ભરૂચ જિલ્લાના ૨૭,૫૦૭ લાભાર્થીઓમાં રૂા. ૧૦૧.૩૭ કરોડ લાખનીસહાય પ્રાપ્ત થશેએમ જણાવી લાભાર્થીઓ માટે આ સાધન સહાય પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવામાં સહાયભૂત થશેએવીઆશા વ્યક્ત કરી હતી. ગરીબ કલ્યાણ મેળામાં ઉધોગઅને ખાણવિભાગ હેઠળના માનવ કલ્યાણ યોજનામાં દરજીકામ કિટસનો લાભ લેનાર અંકલેશ્વર તાલુકાનાબોરભાઠાબેટ લાભાર્થી ક્રિષ્નાબેન પ્રતિન ભાઈ પટેલ, આરોગ્ય શાખા હેઠળ આયુષ્યમાન કાર્ડનો લાભ લેનાર વાગરા તાલુકાના વછનાદના લાભાર્થી શ્રી વનરાજ રાજેન્દ્રસિંહ પરમાર, ખેતીવાડી શાખા હેઠળ સજીવ ખેતીમાં ઈનપુટ સહાયનો લાભ લેનાર અંકલેશ્વર તાલુકાના બોરભાઠા બેટના લાભાર્થી શ્રી પંકજભાઈ ભગવાનભાઈ પટેલ, જિલ્લાગ્રામ વિકાસએજન્સી હેઠળ સ્વ સહાય જૂથ (એન.આર.એલ.એમ)ના જંબુસર તાલુકાના કલીયારી ગામના લાભાર્થી ચેતનાબેન આશિષભાઈ પટેલ અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હેઠળ પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રા) ના અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામના લાભાર્થી દક્ષાબેન મહેશભાઈ વસાવાએ પોતાના પ્રતિભાવ દ્વારા હર્ષની લાગણીરજૂ કરીરાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. પ્રારંભે ડીઆરડીએ અંર્ગગતસ્વચ્છ ભારત મિશન અંગે તેમજ ગરીબ કલ્યાણ મેળા અંગે શોર્ટ ફિલ્મ ઉપસ્થિત સૌએ રસપૂર્વક નિહાળી હતી. આ વેળાએ, સ્વચ્છતા અભિયાન અંતર્ગત પ્રભારીમંત્રીશ્રી, મહાનુભાવો, અધિકારીગણ સહિત ઉપસ્થિત સૌએ ભરૂચ જિલ્લા સહિત ભારત દેશને સ્વચ્છ અને હરિયાળું બનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ડીસા જિ.બનાસકાંઠા આયોજિત રાજ્ય કક્ષાના ’ગરીબ કલ્યાણ મેળા’ કાર્યક્રમનું વિડિયો કોન્ફરન્સના માધ્યમથી જીવંત પ્રસારણ સૌએ નિહાળ્યું હતું. કાર્યક્રમ બાદ પ્રભારીમંત્રીશ્રી અને અન્ય મહાનુભાવોએ વિવિધ સ્ટોલની મુલાકાત યોજી હતી. આ પ્રસંગે, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી કૌશિકભાઈ પટેલ, નગરપાલિકા ભરૂચના પ્રમુખ વિભૂતિબા યાદવ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે, નિવાસીઅધિક કલેક્ટરશ્રી એન. આર.ધાંધલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નૈતિકાપટેલ, નાયબજિલ્લા વિકાસ અધિકારીશ્રી સી.ડૈ. રાઠવા, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ, લાભાર્થીઓ અને મોટી નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદ્હસ્તે બનાસકાંઠાના ડીસા ખાતેથી ગરીબ કલ્યાણ મેળાના ૧૪મા તબક્કાનો શુભારંભ જે અંતર્ગત મહીસાગરના લુણાવાડા આવેલ પી. એન. પંડ્યા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે જિલ્લા કક્ષાના “ગરીબ કલ્યાણ મેળા” માં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર સાહેબ ઉપસ્થિત રહી સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ હેઠળ ૧૭૫૦૭ લાભાર્થીઓને રૂ.૨૯૫૪.૯૪ લાખની સહાય-સાધનોના લાભ-સહાયનું વિતરણ કરવામાં આવ્યું. આ તકે લાભાર્થીઓમાંથી વિવિધ લાભાર્થી ભાઇ બહેનો સાથે સીધો સંવાદ કરી તેમને મળેલ યોજનાકિય લાભ અંગે પ્રતિભાવો જાણ્યા.

કમલમ્ ન્યુઝ,

લુણાવાડા વાઇબ્રન્ટ વેવ્સ ઇન્ટરનેશનલ એકેડમી ખાતે પર્યાવરણ સુરક્ષાના શુભ હેતુ સાથે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે પાર્ટીના સ્થાનિક કાર્યકર્તાઓ સાથે વૃક્ષારોપણ કર્યું. વૃક્ષારોપણ કાર્યક્રમમાં સહભાગી થઈ, સ્વચ્છ પર્યાવરણ માટેની આપણા સૌની જવાબદારી છે. આપણે સૌ આપણી આસપાસ વૃક્ષો વાવવા અને તેનું રક્ષણ કરવાનો સંકલ્પ લઈએ. આ તકે જીલ્લા પ્રમુખશ્રી દશરથભાઈ બારીયા, મહામંત્રીશ્રી રાવજીભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી નંદાબેન ખાંટ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઇ વળવાઇ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન માલીવાડ, જીલ્લા એસ સી. મોરચાના પ્રમુખશ્રી દિપકભાઈ ચાવડા, લુણાવાડા શહેર પ્રમુખશ્રી હિમાંશુભાઈ શાહ, પોપટભાઈ ડિંડોર, શાળાના કર્મચારીઓ, પાલિકાના કોર્પોરેટરશ્રીઓ સહિત પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

લુણાવાડા ખાતે સંતરામપુર વિધાનસભાના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબે અનામત વિરોધી કોંગ્રેસ પાર્ટી ST - SC અને OBC અનામત રદ કરવાના રાહુલ ગાંધીના નાપાક ઇરાદાને ભારતીય જનતા પાર્ટી મહીસાગર જિલ્લાના કાર્યકર્તાઓ દ્વારા વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યો. આ તકે ગાંધીનગરના પૂર્વ મેયર શ્રીહિતેશભાઈ મકવાણા, જીલ્લા પ્રમુખશ્રી દશરથભાઈ બારીયા, મહામંત્રીશ્રી રાવજીભાઈ પટેલ, જીલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઇ પટેલ, ઉપપ્રમુખ શ્રીમતી નંદાબેન ખાંટ, સંતરામપુર તાલુકા પંચાયત પ્રમુખશ્રી હરેશભાઇ વળવાઇ, કડાણા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન માલીવાડ, જીલ્લા એસ.સી. મોરચાના પ્રમુખશ્રી દિપકભાઈ ચાવડા, લુણાવાડા શહેર પ્રમુખશ્રી હિમાંશુભાઈ શાહ, પોપટભાઈ ડિંડોર, પાલિકાના કોર્પોરેટરશ્રીઓ સહિત પાર્ટીના હોદ્દેદારો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર જિલ્લા કક્ષાનો ગરીબ કલ્યાણ મેળો ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલ રાજપુતના અધ્યક્ષ સ્થાને પ્રેક્ષા ભારતી કોબા ખાતે યોજાયો

ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં ૧૭૩૭ લાભાર્થીઓને બે કરોડ ૮૦ લાખથી વધુ સાધન સહાયનું વિતરણ કરાયું

કમલમ્ન્યુઝ, ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં સરકારની વિવિધ કલ્યાણલક્ષી યોજનાઓના લાભો હાથોહાથ પહોંચાડવા માટે ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળા-૨૦૨૪નું આયોજન પ્રેક્ષા ભારતી, કોબા ખાતે કરવામાં આવ્યું હતું. આપ્રસંગે મેળામાં જિલ્લાના ૧૭૩૭જેટલા લાભાર્થીઓને રૂપિયાબે કરોડ૮૦લાખથીવધુ રકમની સરકારની વિવિધ યોજના અંતર્ગત સાધન સહાયનું વિતરણ મહાનુભાવના હસ્તે કરવામાં આવ્યું હતું. ગાંધીનગર જિલ્લા કક્ષાના ગરીબ કલ્યાણ મેળાને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રી શીશપાલરાજપુતના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે બનાસકાંઠાથી વર્ચ્યુઅલ માધ્યમથી ગાંધીનગર જિલ્લાના ગરીબ કલ્યાણ મેળાના લાભાર્થીઓને સંબોધ્યા હતા. આ પ્રસંગે ગુજરાતરાજ્ય યોગ બોર્ડના ચેરમેન શ્રીશીશપાલ રાજપૂતે જણાવ્યું હતું કે,રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીજી કહેતા કે, ’ સમાજના છેવાડાના માણસની ચિંતા કરવી સામાજિક અને સામુદાયિક જવાબદારી બની રહેવી જોઈએ. ડૉ. બાબાસાહેબ આંબેડકર કહ્યું છે કે’ જોઆપણ સ્વસ્થઅને પ્રગતિશીલ સમાજનું નિર્માણકરવુંહશે તો સમાજના દરેક સ્તરનાલોકોનો સાથઅનિવાર્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી કહે છે કે, ’ દલિતો, વંચિતો, પછાત વર્ગના કે પછી ગરીબો માટે સરકાર કામ કરે એ સરકારની બંધારણીય ફરજ અને એજ લોકશાહી કાર્યપ્રણાલીની સાચી વ્યવસ્થાછે. ગરીબો કે દલિતોને જયારે સહાય પહોંચે છે, એમાંસરકારનો કોઈ ઉપકારભાવનથી. દલિતો કે ગરીબોને સમાજની મુખ્ય ધારામાં ભળવા માટે લેવામાં આવતા દરેક પગલાં આખરે તોસરકારની અથવા લોકતંત્રની સામુદાયિક અને વૈધાનિક જવાબદારી પણ છે. સર્વાંગી વિકાસની આશા ફળીભૂત કરે તેવા ઉમદા આશયથી રાજયના તત્કાલીન મુખ્ય મંત્રી અને દેશના વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએરાજય ભરમાં ગરીબ કલ્યાણ મેળાનો આરંભ વર્ષ- ૨૦૦૯ થી કર્યો હતો. યોગ બોર્ડના ચેરમેન શ્રી ઉમેર્યું હતું કે, સમગ્ર દેશમાં ગુજરાતનું વિકાસ મોડલ સુખ્યાત છે. રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજય સરકારે વિકાસનું વિસ્તૃતીકરણ કરવાના શ્રેણીબંધ પ્રયાસો આદર્યા છે. સૌનો સાથ.. સૌનો વિકાસ... સૌનો વિશ્વાસના મંત્રને વરેલી અમારી સરકારે વિકાસ કોઈ વર્ગ પૂરતો, કોઈ ક્ષેત્રે- વિષય પૂરતો મર્યાદિત નહી. સતતનિરંતર, વ્યાપક વિકાસ. વિકાસની આવી પ્રક્રિયા ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે. યોજનાઓ જનકલ્યાણના હિતને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે એસ્વાભાવિક છે.

ખરેખર દલિતો, પછાતો અને ગરીબ વર્ગના લોકોનું જીવનધોરણ ઉંચુ આવે અને આઝાદી પછીથી વિકાસમાં ભાગીદાર બનવા આગળ આવે અને શક્તિશાળી બને એ માટે લોકતંત્ર સરકારી યોજનાકીય લાભો તેમને હાથોહાથ પહોંચાડ્યા છે. તેમણે ઉમેર્યું હતું કે,રાજય સરકાર ગરીબી હટાવવા માત્ર નારા લગાવીને નહી, પરંતુ ગરીબોને સાધનસહાયનો આધાર આપીને આર્થિક સક્ષમતા બક્ષાવાનો નક્કર પ્રયાસકરીને છેલ્લાદોઢ દાયકા જેટલાસમયથી ગરીબોના કલ્યાણ માટે સેવાયજ્ઞ ઉપાડયો છે. ગાંધીનગર જિલ્લામાં ૧૩ જેટલા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરીને ૧ લાખ ૫૯ હજાર થી વધુ લાભાર્થીઓને રૂપિયા ૨૪,૨૨૧ લાખની સાધન સહાય હાથોહાથ વિતરણ કરવામાં આવી છે. મેળા પહેલા અને આ મેળા દરમ્યાન જિલ્લામાં કુલ ૨૦ હજાર જેટલા લાભાર્થીઓને વિવિધ યોજના અંતર્ગત રૂપિયા ૬૦ કરોડ ૭૫ લાખ જેટલી સહાય આપવા આવી છે. જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલે જણાવ્યુંહતુંકે, આસરકાર જનહિતને વરેલી સરકાર છે. ગરીબો વંચિતોના વિકાસ માટે આ સરકાર સંકલ્પબદ્ધ છે.વર્ષ ૨૦૦૯માં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ ગરીબોના ઉત્થાન માટે સમગ્ર રાજ્યમાં ગરીબ કલ્યાણ મેળા શરૂ કરવામાં આવ્યો હતો. તેની ફલશ્રુતિરૂપે સરકારની વિવિધ યોજનાઓનો લાભ સાચાલાભાર્થીઓને હાથોહાથ મળીરહ્યો છે. વચેટિયા નાબૂદ થયા છે. આ મેળામાં કોઈપણ ભેદભાવ વગર રાજ્ય સરકારની વિવિધ યોજનાઓની સહાય જરૂરિયાત મંદ લાભાર્થીને આપી તેમને જીવન ધોરણ ઊંચું લાવવામાંઆવી રહ્યુંછે. ગાંધીનગર જિલ્લામાંઆજે ૧૩માતબક્કાના ગરીબ કલ્યાણ મેળા થકી જિલ્લાના અનેક લાભાર્થીઓને વિવિધ સાધન સહાય આપવામાં આવી છે. ગાંધીનગરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે,જનજનના કલ્યાણનો ઉમદા ભાવઆ સરકારનોછે. સરકારની વિવિધ સહાય લક્ષી અને કલ્યાણકારી યોજનાઓનો લાભ સામાન્ય નાગરિકોને સરળતાથી અને ઝડપથી ઘર આંગણે મળી રહે તે માટે સમગ્ર રાજ્યમાં સેવા સેતુ કાર્યક્રમનો આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ થકી નાગરિકોને ઘર આંગણે ૫૫ જેટલી સરકારનાવિવિધ સેવાઓનોલાભ મળી રહ્યો છે. ગરીબ વંચિતો, મહિલાઓના આર્થિક વિકાસમાટે સરકારદ્વારા ગરીબ કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવી રહ્યુંછે. આ મેળાઓ થકી વિવિધ સહાય કિટ્સ અને સહાય યોજનાનો લાભ સાચા જરૂરિયાતમંદ નાગરિકને આપવામાં આવી રહ્યો છે. સરકારની સહાય લક્ષી યોજનાનો લાભ લઈ લાભાર્થી સન્માનપૂર્વક આજીવિકા મેળવી પોતાના પરિવારનીસુવર્ણ ભવિષ્યની કેડી કંડારી રહ્યોછે. ગરીબ કલ્યાણ મેળા કાર્યક્રમમાં મહાનગરપાલિકાના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, માણસાના ધારાસભ્ય શ્રીજે.એસ. પટેલ, દહેગામના ધારાસભ્યશ્રી બલરાજસિંહ ચૌહાણ, ડેપ્યુટી મેયર શ્રી નટવરજી ઠાકોર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી ગૌરાંગવ્યાસ, જિલ્લાપંચાયત બાંધકામ સમિતિના ચેરમેન શ્રી ભરતસિંહ, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે, મહાનગરપાલિકાના કમિશ્નર શ્રી જે.એન. વાઘેલા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી જે.બી.પટેલ સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028